:: **મુદ્ દામાલની અરજી લગત હુકમ** ::

૧. અરજદારની અરજીની હકીકત મુજબ રાપર પો.સ્ટેશન સે. ગુ.ર.૩૦૩૯/૨૦૧૯, આવશ્યક ચીજવસ્તુ ધારા ની કલમ–૩,૭ મુજબના કામે રાપર પોલીસે તપાસના કામે મુદ્દામાલ ગેસ સિલીન્ડર નંગ–ર કબજે લીધેલ છે જે મુદ્દામાલ પરત મેળવવા આ અરજી કરવામાં આવેલ છે. અરજી વંચાણે લીધી. અરજદારના વિ.વકીલશ્રી ને અને ફરીયાદપક્ષે એ.પી.પી..શ્રીને સાંભળ્યા.

૨. આ કામના અરજદારના વિધ્વાન વકીલશ્રીએ તેઓની દલીલમાં જણાવે છે કે, આ કામે અરજદારના નામના ભારત ગેસના સીલીન્ડર નંગ–ર ગુનાના કામે કબજે લીધેલ છે જે ખોટી રીતે કબજે લેવામાં આવેલ છે અને સદર મુદામાલ તેઓનું રોજબરોજના ઘર વપરાશનું સાધન છે. આ સંજોગોમાં તેઓને સદરહું મુદ્દામાલ પરત કરવામાં ન આવે તો તેમને પારાવાર હાડમારી અને મુશ્કેલી પડે તેમ છે. વળી લાંબા સમયથી સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં પડયો રહેલ અને સદર ગુનાના કામે અત્રેની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૫૮૬/૦૭ થી ચાર્જશીટ થયેલ જે અત્રેની કોર્ટ ધ્વારા મેજીસ્ટ્રેટશ્રીએ પુરાવો લઈને તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજ આખરી હુકમ કરી સદર કેસ પુર્ણ કરવામાં આવેલ છે અને આરોપીઓને સદર ગુનાના કામે નિર્દોષ છોડવામાં આવેલ છે. આ સંજોગોમાં સદરહું મુદ્દામાલ કસ્ટડી તરીકે યોગ્ય શરતોને આધિન સોંપવા અરજ ગુજારેલ છે.

૩. આ કામના ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી એ જણાવેલ છે કે સદર ગુનાના કામે ચાર્જશીટ થઈ ગયા બાદ કેસનો નિકાલ થઈ ગયેલ છે જેથી સદર મુદામાલ પરત સોપવામાં આવે તો કોઈ વાંધા સરખુ નથી તેવી રજુઆત કરેલ છે.

૪. અરજદાર તરફે સદરહું મુદ્દામાલની માલિકી દર્શાવવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

૧. ભારત ગેનસ પાસબુકની નકલ

૨. સદર ગુનાના આખરી હુકમની નકલ

૩. અરજદારના આધારકાર્ડની નકલ.

ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા હાલના તબકકે સદરહું મુદ્દામાલ ના માલીક અરજદાર હોવાનુ જણાઈ આવે છે અને અન્ય કોઈએ કલેઈમ કરેલ નથી.

૫. સદર કામે રજુ થયેલ તમામ પેપર્સ વંચાણે લેતા, સદર કામે ગુનાના કામે અત્રેની કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૫૮૬/૦૭ થી ચાર્જશીટ થઈ ગયેલ છે અને જે અત્રેની કોર્ટ ધ્વારા પુરોગામી મેજીસ્ટ્રેટશ્રીએ પુરાવો લઈને તા.૩૦/૦૬/૨૦૧૮ ના રોજ આખરી હુકમ કરી સદર કેસ પુર્ણ કરવામાં આવેલ છે અને આરોપીઓને સદર ગુનાના કામે નિર્દોષ છોડવામાં આવેલ છે જેથી સદર

મુદામાલ પોલીસ સ્ટેશનમાં વધુ સમય રાખવાનો કોઈ અર્થ નથી અને પોલીસ સ્ટેશનમાં પડયો પડયો ખરાબ થઈ જશે તેમજ આ કામે રજુ અન્ય પેપર્સ ધ્યાને લેતા સદર મુદામાલની માલીકી દર્શાવવા માટે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આધારો વંચાણે લેતા સદર મુદામાલ પરત સોપવામાં આવે તો વાંધા સરખુ જણાતુ નથી તેવી એ.પી.પી.શ્રીની રજુઆત ધ્યાને લેતા મુદામાલ વધુ દીવસ પોલીસ કસ્ટડીમાં રાખવો યોગ્ય જણાતો નથી.

૬. આ કામે કેસ પેપર્સ તેમજ અન્ય જરુરી દસ્તાવેજો ધ્યાને લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ એમ.બી.શાહ સાહેબ અને માનનીય ન્યાયમુર્તિ શ્રી ડી.એમ. ધર્માધિકારી સાહેબની બેન્ચે આપેલ ચુકાદો ૨૦૦૩(૧)જી.એલ.એચ.પાના ૩૦૭ માં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો ને ધ્યાને લેતા, તેમાં એવુ ઠરાવેલ છે કે, દેશની તમામ કોર્ટોના મેજિ.શ્રીએ મુદ્દામાલ કિંમતી મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં નહી રાખવા દેવા અને મુદ્દામાલની માંગણી તેના માલિક કરે ત્યારે તાત્કાલિક વિના વિલંબે સોપી આપવા હુકમ કરવો જોઈએ. એટલુ જ નહી પરંતુ મુદામાલ પરત લેવાની અરજીની સુનાવણી ચાલતી હોય અને તેમાં દલીલ થવામાં વાર લાગે તેમ હોય અને તેનો નિકાલ થવામાં વાર લાગે તમ હોય તો આવી અરજીની સુનાવણી દરમ્યાન વચગાળાની કસ્ટડી તરીકે મુદામાલનો નિકાલ કરવો જોઈએ અને તે મુદામાલ વધુ સમય પોલીસ સ્ટેશનમાં કોઈપણ સંજોગોમાં પડી ન રહે તે જોવુ જોઈએ અને સી.આર.પી.સી. કલમ–૪૫૧ હેઠળની સત્તા નો ઉપયોગ ન્યાયીક રીતે ઝડપથી મેજીસ્ટ્રેટે કરવો જોઈએ તેમ જણાવેલ હોય તેમજ ના.સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ (૧) રાજેન્દ્રપ્રસાદ વિ. સ્ટેટ ઓફ બીહાર (૨) સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત (૩) ભરત મહેતા વિ. ઈન્સ્પેકટર ઓફ ચેન્નાઈ તેમજ ના. ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાઓ ધ્યાને લેતા તેમાં એવુ ઠરાવેલ છે કે, દેશની તમામ કોર્ટોના મેજિસ્ટ્રટશ્રીએ કિંમતી મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં નહી રાખવા દેવા અને મુદ્દામાલની માંગણી તેના માલિક કરે ત્યારે તાત્કાલિક વિના વિલંબે સોપી આપવા હુકમ કરવો જોઈએ અને તે દિશા નિર્દેશનું ચુસ્તપણે પાલન થવુ જોઈએ. આમ, ના. સુપ્રિમ કોર્ટ તથા ના. હાઈકોર્ટના વિવિધ ચૂકાદાઓમાં આપવામાં આવેલ આદેશનુ પાલન કરતા તથા આ કેસના સંજોગોને ધ્યાને લેતા ઠરાવુ છું કે, સદર કેસની ન્યાયીક કાર્યવાહી પુર્ણ થઈ ગયેલ હોય હવે સદર મુદામાલ પોલીસ કસ્ટડીમાં રાખવાની જરૂર જણાતી ન હોય તો તે શરતોને આધિન મુદ્દામાલ સોંપી શકાય. આ બાબતને ધ્યાને લઈ અરજદાર ને તેના મુદ્દામાલથી વંચિત રાખવા તે ન્યાયી અને વ્યાજબી જણાતુ ન હોઈ, ક્રિ. પ્રો. કોડની કલમ–૪૫૧ ની જોગવાઈ ધ્યાને લેતા સદર મુદામાલ અરજદારને

સોપવાનો હુકમ કરવો યોગ્ય અને ન્યાયી જણાઈ આવતુ હોઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

૧. અરજદાર **અર્મુત હરીગર ગૌસ્વામી** ના ઓની અરજી ''**મંજુર**'' કરવામાં આવે છે.

૨. આ કામે પોલીસે તપાસના કામે મુદ્દામાલ ગેસ સિલીન્ડર નંગ–૨, જેની મુદામાલ પાવતી મુજબની કિંમતના દોઢી રકમના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમનો મુચરકો અરજદારે પોલીસ સ્ટેશનમાં આપ્યેથી તથા નીચેની શરતો ને આધિન સદર મુદ્દામાલ સોપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :**

(૧) અરજદારે કોર્ટની પરવાનગી સિવાય મુદ્દામાલ અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, એસાઈન કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવુ નહી.

(૨) ના. કોર્ટ જયાં અને જયારે મંગાવે ત્યારે સદરહું મુદ્દામાલ મુળ સ્થિતિમાં રજુ કરવાનો રહેશે.

(૩) મુદ્દામાલનો ગુનાહીત પ્રવૃત્તિમાં ઉપયોગ કરવો નહી.

(૪) અરજદારે સબંધીત પોલીસ સ્ટેશનમાં જામીન તથા જાતમુચરકા રજુ કરવા.

(૫) ત.ક.અ.,સબંધીત પોલીસ સ્ટેશનએ આ હુકમની જાણ લાગતી વળગતી આર.ટી.ઓ. કચેરીને તાત્કાલિક કરવી.

સબંધિત પોલીસ સ્ટેશને આ હુકમની યાદી કરવી.

**સ્થળ : રાપર(કચ્છ)**
**તા.: ૨૭–૦૫–૨૦૧૯**

**(પ્રદિપકુમાર વસંતલાલ ધીમર)**
**કોડ નં. જીજે ૦૧૪૮૮**
**પ્રિન્સીપાલ સિવીલ જજ અને**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**રાપર (કચ્છ).**